અપીલ અરજી નં.૪૦૨ તા.૧૭–૨–૧૦

અરજદાર: શ્રી નવલજીભાઈ જી. પટેલ
સામાવાળા: ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નવલજીભાઈ જી. પટેલની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) કરંજ હેલ્થ સેન્ટરથી માતૃશકિત સોસા. ને જોડતા રોડ ઉપર યમુના એપા. સામે માર્જીન ની જગ્યામાં થતુ ગેરકાયદેસર શોપીંગનું બાંધકામ અટકાવવા બાબત. (૨) રામકૃપા સોસા. માંથી પસાર થતો ટી.પી. રોડ સોસા. ના માથાભારે તત્વો ધ્વારા બંધ કરી દીધેલ હોઈ તે ખુલ્લો કરાવવા બાબત અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૨/૨૦૦૯–૧૦

શ્રી નવલજીભાઈ જી. પટેલની તા.૧૮–૧૨–૦૯ અરજીથી (૧) કરંજ હેલ્થ સેન્ટરથી માતૃશકિત સોસા. ને જોડતા રોડ ઉપર યમુના એપા. સામે માર્જીન ની જગ્યામાં થતુ ગેરકાયદેસર શોપીંગનું બાંધકામ અટકાવવા બાબત. (૨) રામકૃપા સોસા. માંથી પસાર થતો ટી.પી. રોડ સોસા. ના માથાભારે તત્વો ધ્વારા બંધ કરી દીધેલ હોઈ તે ખુલ્લો કરાવવા બાબત અંગે માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૮૭ તા.૧–૧–૧૦ થી નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૧ તા.૨૩–૨–૧૦થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન તથા અરજદારને તેમની મુળ અરજી પરથી નિર્દિષ્ટ બાબતે કાર્યવાહી હાથ ધરવાની રજુઆત છે. કોઈ માહિતી મળેલ જણાતી નથી તેમ છતાં ખરેખર શું માહિતી માંગેલ છે? તેઅંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આ.ટી.આઈ/ ૪૮૭ તા.૧૮–૧૨–૦૯ થી માહિતી મોકલવામાં આવેલ જેમાં અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આ.ટી.આઈ/ ૪૮૭ તા.૧–૧–૧૦ ના રોજ આપેલ માહિતીના પત્રની નકલ, ડીમોલીશન ચાર્જ રસીદ નં.૧૬૭૪૮૨ તા.૨૩–૧૧–૦૯ થી રૂા.૨૦૦૦/– વસુલ કર્યાની ની નકલ,ઠરાવ નં.૩૬૦/૯૯ તા.૩૧–૫–૯૯ થી નવા સાર્વજનિક રસ્તાઓ આંકવા તથા કરવા બાબત. ના પત્રની નકલ પહોંચતી કરવામાં આવેલ. જયારે અરજદાર તરફથી કોઈ વિગત આપવામાં આવેલ નથી.

અરજદારે તા.૧૮–૧૨–૦૯ અરજીથી (૧) કરંજ હેલ્થ સેન્ટરથી માતૃશકિત સોસા. ને જોડતા રોડ ઉપર યમુના એપા. સામે માર્જીન ની જગ્યામાં થતુ ગેરકાયદેસર શોપીંગનું બાંધકામ અટકાવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે કરંજ હેલ્થ સેન્ટરથી માતૃશકિત તરફ જતા રોડ પર ટી.પી.૩ (કરંજ) ના ફા.પ્લોટ નં.૧૦૫ માં આવેલ રચના સોસાયટીના સબ પ્લોટ નં.૨૨૦ માં ચાલતું બાંધકામ તોડવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– રસીદ નં.૧૬૭૪૮૨ તા.૨૩/૧૧/૦૯ થી વસુલ લેવામાં આવેલ છે. (૨) રામકૃપા સોસા. માંથી પસાર થતો ટી.પી. રોડ સોસા. ના માથાભારે તત્વો ધ્વારા બંધ કરી દીધેલ હોઈ તે ખુલ્લો કરાવવા બાબત અંગે માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે ,પ્રશ્નવાળો રસ્તા ટી.પી.રસ્તો નથી. પરંતુ સ્થા.સ.ઠ.નં.૩૬૦/૯૯, તા.૩૧–૫–૯૯ થી ધી.બી.પી.એમ.સી. એકટની કલમ–૨૦૫ હેઠળ જાહેર રસ્તો થયેલ છે. જે પગપાળા રાહદારીઓ માટે ખુલ્લો છે. પરંતુ વાહનવ્યવહાર માટે સોસાયટી ધ્વારા બંધ કરેલ હોવાનું જણાય છે. એવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં નારાજગી અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. તેમજ અરજદારને અપીલ તબકકે વધુ એક તક આપી પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં કોઈ વિગતો મળેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નવલજીભાઈ જી. પટેલ